
### 'જય અંબે'ના નાદ સાથે

# ચિલોડા-હિંમતનગર માર્ગ પર અંબાજી પદયાત્રીઓનું ઘોડાપુર

## વિસામા તથા સેવા કેન્દ્રો ધમધમી ઉઠયા





(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા. ૨૩

યા દેવી સર્વે ભુતેષુ શક્તિરૂપેણ સંસ્થિતા નમો તસ્મૈય...નમોઃ... સાથે ભાદરવી પુનમે જગતજગની જગદંબાના પવિત્ર ચરણે દર્શનાર્થે શ્રદ્ધાળુ માઈભક્તોનું માનવ મહેરામણ ઠેર ઠેર દૂરદૂરથી વડોદરા, ખેડા, આણંદ, અમદાવાદ પ્રાંતમાંથી ચિલોડા-હિંમતનગર-નરોડા-અમદાવાદ હાઈવે માર્ગ પર અંબાજીના ધામે જવા પદયાત્રીઓનો ભારે ધસારો જોવા મળે છે. જેમાં પરંપરા મુજબ ચિલોડાના આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોના માઈભક્તો દ્વારા વિશાળ વિસામા તથા સેવાકેન્દ્રોની સુવિધા કરવામાં આવી છે.

જ્યારે આ માર્ગ પર અસંખ્ય માઈભક્તો જય અંબેના નાદથી પસાર થતા સંઘોનું ભારે પ્રયાણ થતાં કંઈક ભક્તિનો માહોલ જોવા મળે છે. ચિલોડા-પ્રાંતિયા-લવારપુર, મહુન્દ્રા, ધણપ, ગિયોડ, ચંદ્રાલા તથા મજરા સુધીના માર્ગ પર અદ્યતન સેવાકેન્દ્રોમાં પદયાત્રી માટે ચા-નાસ્તો, ભોજન, ફળફળાદિ, પાણીના પાઉચ, ગરમ પાણીની વ્યવસ્થા, તબીબીસેવાઓની સગવડો પુરી પાડવામાં આવી રહી છે. જ્યારે આ માર્ગ પર અનેક રાજકીય પક્ષો દ્વારા સેવા કેન્દ્રોનું આયોજન કરાયું છે. આમ ચિલોડા વિસ્તારમાં માઈ ભક્તોનો અવિરત પ્રવાહથી કંક અનોખી શક્તિ અને ભક્તિનો માહોલ સર્જાયો છે. આ માર્ગ પર ટ્રેક્ટરો, રથો, મીની ટ્રકો જ્યાં જુઓ ત્યાં પદયાત્રીઓનું આગમન સાથે તન-મનથી માઈભક્તો વરસાદ, તડકો સહન કરતા મા ના ચરણે જવા અધુરા બન્યા છે.

### મોં મા આવેલો કોળિયો ઝુંટવાઈ જવાના એંધાણો

# ચિલોડામાં પાછોતર વરસાદથી ખરીફ પાકને ભારે નુકસાન

## કપાસ, દિવેલા, ગુવારનો પાક નિષ્ફળ જતા ખેડૂતોમાં ભારે ચિંતાનું મોજુ : જાખોરાના ખેડૂતો પાક નિષ્ફળ અંગે આવેદન પત્ર આપશે

ચિલોડા, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા, દશેલા, ધણપ, ચંદ્રાલાના મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારમાં શ્રાવણ અષાઢ મહિનો સાવ નહિવંત જતા વરસાદી પાક સુકાતા અનાવૃષ્ટિના સંજોગો સર્જાતા પાણીની તીવ્ર અછત સર્જાઈ હતી. ત્યારબાદ ખેડૂતોએ પિયત દ્વારા પાક બચાવવા તનતોડ પ્રયાસો આદર્યા હતા. ત્યારબાદ ખરીફ પાકમાં ખાસ કપાસ, ગુવાર, શાકભાજીનું વાવેતર કર્યું હતું. પરંતુ હવે કુદરતની લીલાએ જગતના તાત પર કપરી કસોટી આદરી છે. પહેલા અનાવૃષ્ટિ ત્યાર બાદ અતિવૃષ્ટિનું ચક્ર સર્જાતા ચોમાસાના દિવસોના અંતિમ દિવસોનો પાછોતર વરસાદે માઝા મુકી છે. અસહ્ય ઉકળાટ અને ભેજવાળા વાતાવરણ સાથે ભાદરવી તાપનો તીખો તડકાથી અચાનક વાતાવરણમાં પલટો આવતાં ખોરંભાયેલા વાદળો વીજળીના કડાકા-ભાડાકા સાથે ધોધમાર વરસાદ વરસતા ખેડૂતોનું હૈયુ અને જીવ અધ્ધર થઈ જવા પામ્યા છે.

શનિવારે સાંજના સુમારે ગાજવીજ સાથે વરસાદ પવનના સુસવાટા, વાવાઝોડા સાથે આગમન થતાં ખેડૂતો હેબતાઈ ગયા હતા. આકાશમાં વીજળીના ચમકારાથી લોકોમાં ચિલોડા પંથકમાં પવનવેગે વીજળી પડીના સંકેતો તથા સમાચારોથી ટેલીફોન રણકવા માંડ્યા હતા. જેમાં ચિલોડા પોલીસને તાલુકા કક્ષાએથી છાલા ગામે બસ પર વીજળી પડી તેવા સમાચારા આવતા ચિલોડા પોલીસનો સમગ્ર કાફળો છાલા માર્ગ પર તાબડતોબ દોડ મુકી હતી. ત્યારે આ અંગે અંતે અફવા સાબિત થતાં પોલીસે રાહતનો દમ ખેંચ્યો હતો. જ્યારે પાછોતર વરસાદના આગમન સાથે કપાસ તથા ગુવારના પાકને ભારે નુકશાન થવાના અહેવાલો ખેડૂતો દ્વારા જાણવા મળે છે. કપાસના ખેતરોમાં પાણી ભરાતાં કપાસ પરથી કેરીઓ, ભમરી તથા કાલા વગેરે સાવ બગડી જતા હાથમાં આવેલો કોળીયો ઝુંટવાઈ જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. પરિણામે ખેડૂતોમાં ખરીફ પાક નિષ્ફળ જતાં એક સાંધતા તેર તૂટે તેવી સ્થિતિ ખેડૂતોની કફોડી હાલત સર્જાતા નિરાશાનું ભારે મોજું ફરી વળ્યું છે.



આમ ખેડૂતોનું માનવું છે કે સરકારે હવે નુકશાનકર્તા લીલા દુષ્કાળની સ્થિતિ અંગે કંઈક વિચાર માંગી લે તેવી માંગ પ્રવર્તી રહી છે.

ગુજરાત રાજ્યમાં મેઘરાજાની રિ-એન્ટ્રી દરમિયાન મેઘ મહેર યથાવત રહેતા ગાંધીનગર જિલ્લાના જાખોરા ગામના ખેડૂતોનો પાક કોહવાઈ ગયો હતો. ખેડૂતો દ્વારા સરકારને આવેદન પત્ર આપી પોતાની ગંભીર સમસ્યાનો સરકાર જલ્દીથી ઉકેલ લાવે તેમ ખેડૂતો ઈચ્છી રહ્યા છે.

વરસાદની અતિવૃષ્ટિના કારણે જાખોરા ગામના ખેડૂતોના પાક જેવા કે કપાસ, દિવેલા, મગફળી, ગવાર, જુવાર અને શાકભાજીના પાકો સતત વરસાદથી કોહવાઈ ગયા છે. પાક કોહવાઈ જવાથી ખેડૂતોની હાલત કફોડી બની છે. વિકટ પરિસ્થિતિ ઉભી થવા પામી છે. આ બાબતે જાખોરા ગામના તમામ ખેડૂત એકત્ર થઈને સરકારી કચેરીમાં આવેદન પત્ર આપી સરકાર આ બાબતે યોગ્ય નિર્ણય લઈ ખેડૂતોની ગંભીર સમસ્યાનો જલ્દી ઉકેલ લાવે તેવી ખેડૂતોની માંગણી છે.

## કર્મચારી સંકલન સમિતિએ ૨૭મીએ જાહેર કરેલ માસ સી.એલ.માં બોર્ડ નિગમ નહી જોડાય..!!

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિએ તા. ૨૭મી સપ્ટેમ્બરના રોજ માસ સી.એલ.નો કાર્યક્રમ આપ્યો છે. કર્મચારી સંકલન સમિતિના આ માસ સી.એલ. કાર્યક્રમમાં બોર્ડ/નિગમનાં કર્મચારીઓ-અધિકારીઓ જોડાશે નહી તેમ બોર્ડ-નિગમ કર્મચારી મંડળે જણાવ્યું છે.

ગુજરાત રાજ્ય બોર્ડ-નિગમ-સરકારી સાહસોના કર્મચારી મહામંડળના પ્રમુખ કલ્પેશ ચૌહાણે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ૨૭મી સપ્ટેમ્બરે ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિએ આપેલી માસ સી.એલ.નો પ્રોગ્રામ આપ્યો છે. તેમાં બોર્ડ-નિગમના કર્મચારીઓ-અધિકારીઓ માસ સી.એલ.માં નહીં જોડાય. મહામંડળે સંકલન સમિતિને નૈતિક ટેકો બહારથી જાહેર કર્યો છે.

## મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કરતા ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝના જવાનો

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્ય હોમગાર્ડઝ દળનાં વડા પ્રમોદકુમારની રાહબર નીચે ગાંધીનગર હોમગાર્ડઝ જવાનો માનદ સેવા બજાવી રહ્યા છે. જેઓના ફરજ ભથ્થા રૂ. ૮૦ના બદલે રૂ. ૨૦૦ અને પરેડ ભથ્થુ રૂ. ૧૪ના બદલે રૂ. ૪૦ વધાર્યું હોવાથી જિલ્લા હોમગાર્ડઝમાં હર્ષોલ્લાસની લાગણી ફેલાઈ ગઈ છે.

હોમગાર્ડઝમાં ફરજ ભથ્થા વધારવા બદલ ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝનોએ હર્ષની લાગણી અનુભવી છે અને મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો હૃદયપૂર્વક આભાર માની સહસ્ત્ર કોટી કોટી વંદન સાથે શુભેચ્છા પાઠવી છે.

## સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં ૨૫મીએ રામાપીરના નેજા ચઢાવાશે

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૨માં આવેલી સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં બાબા રામદેવપીરના નેજા ચઢાવવાનો કાર્યક્રમ ૨૫મીને મંગળવારે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન યોજાશે.

સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, સેક્ટર-૧૨, ગાંધીનગરમાં આજે ૨૪મી સપ્ટેમ્બરને સોમવારે રાત્રે ૯ કલાકે ભજન સંતવાણીનો કાર્યક્રમ યોજાશે તથા આવતીકાલે તા. ૨૫મી સપ્ટેમ્બરને મંગળવારે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન નેજો ચઢાવવામાં આવશે. પહેલુ નિસાન (નેજો)વાવોલ ગામના વિક્રમસિંહ ગોલના હસ્તે થશે. આ પ્રસંગે સિવિલ સર્જન ડૉ. બી.બી. પટેલ, કનુભાઈ વાઘેલા, ચિમનભાઈ વિંઝુડા, હસમુખભાઈ મકવાણા, પિન્કીબેન પટેલ, અશોકભાઈ શ્રીમાળી, બળદેવભાઈ વાઘેલા અને ચતુરભાઈ તલવાડી પણ હાજર રહી નેજા ચઢાવશે. રામદેવપીરના નેજાના દર્શને પધારવા સૌ ભક્તજનોને આયોજકોએ ખાસ જણાવ્યું છે.

## વિનાયક મિત્ર મંડળ સે. ૫-બી દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

વિનાયક મિત્ર મંડળ સેક્ટર-૫-બી દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૯મી સપ્ટેમ્બરને ગણેશચોથના રોજ સેક્ટર-૫માં મહાકાળી મંદિરથી ગણેશ ચોક સુધી વિઘ્નહર્તાશ્રી ગણેશજીની શોભાયાત્રા રાખવામાં આવી હતી. જેમાં સેક્ટર-૫ના અબાલ-વૃદ્ધ સૌ વસાહતીઓએ ભાગ લઈ ભગવાન શ્રી ગણેશનું સ્વાગત કર્યુંહતું. ભગવાન શ્રી ગણેશની ભવ્ય મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. ગણેશ મહોત્સવ ૨૫મી સપ્ટેમ્બર સુધી ચાલશે અને છેલ્લા દિવસે ભગવાનશ્રી ગણેશની મૂર્તિનું વિસર્જન કરવામાં આવશે.

ગણેશ મહોત્સવ દરમિયાન સવાર સાંજ બન્ને સમયે ભગવાનશ્રી ગણેશની આરતીમાં તમામ વસાહતીઓ ભાવપૂર્વક જોડાય છે. ગણેશ મહોત્સવ મહોત્સવ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત ૨૦ સપ્ટેમ્બરના રોજ સેક્ટર-૫-બીના બાળકો, સાહિલ, એશા, મંથન, જયેન્દ્ર, હેલી, આદિત્ય, હિરલ, સીમરન, અમર, સાગર, ધ્રૂવાંશ, પાર્વતી, જાનવી, ખુશી અને મિતેષ દ્વારા જ્વાળામુખી, પવન ચક્કી, પ્રદૂષણ, ગ્રીન હાઉસ, વનસ્પતિને જમીનના ક્ષારોની અસર અને હવાના દબાણ જેવા જનજીવનને અસર કરતા વિષયો પર વૈજ્ઞાનિક પ્રોજેક્ટ રજૂ કરી વસાહતીઓને સમજૂતી આપી હતી.

વિનાયક મિત્ર મંડળના ધર્મેન્દ્ર પ્રજાપતિ, પરેશ સોનાર, સંદિપ પરમાર, દિપક શાહ, જીગર દરજી, પૂનમ દરજી અને કિશોર સોનાર દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવે છે અને આગામી દિવસોમાં વિવિધ રમત સ્પર્ધાઓ, ભજન, કથા, સુંદરકાંડ અને ઓલમ્પીક રમત તલવારબાજીની પ્રદર્શન મેચનું તેઓ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

# રાંધેજામાં વડની વડવાઈએ લટકી યુવાને જીવન ટૂંકાવ્યું

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામની સીમમાં સ્મશાનની પાછળની બાજુએ આજે સવારે એક ૩૫ વર્ષીય યુવાને વડના ઝાડની વડવાઈએ ગળે ફાંસો ખાઈ લેતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ ઘટના અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીક રાંધેજા ગામની સીમમાં આવેલા સ્મશાનના પાછળના ભાગે આજે વહેલી સવારે એક મજુર જેવા યુવાને અગમ્ય કારણોસર વડના ઝાડની વડવાઈ વડે ગળે ફાંસો ખાઈ લીધો હતો. બાદમાં ગામના કેટલાક લોકોએ વડ નીચે આ યુવાનનો લટકતો મૃતદેહ નજરે પડતા તેઓએ તાત્કાલિક ગામના સરપંચને જાણ કરી હતી. આથી સરપંચે પેથાપુર પોલીસમથકે જાણ કરતા પોલીસે ઘટનાસ્થળે આવી તપાસ હાથ હતી અને તેનો મૃતદેહ નીચે ઉતારી તેના કપડામાં તપાસ કરી હતી. જેમાં માત્ર તેની પત્ની અને તેના ફોટા જ મળી આવ્યા જેથી પોલીસે હાલ અજાણ્યા યુવાનના મૃતદેહ અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી તેની ઓળખવિધિ હાથ ધરી છે. આ મામલે હાલ પેથાપુર પોલીસમથકના જમાદાર લક્ષ્મણભાઈ બિજલભાઈ, વિષ્ણુભાઈ મોતીભાઈ અને વિક્રમભાઈ અમરતભાઈ તપાસ ચલાવી રહ્યા છે.

# સેક્ટર-૨/સીમાં ગણેશોત્સવની ઉજવણી

## હાસ્ય દરબાર કાર્યક્રમમાં શાહબુદીન રાઠોડે નગરજનોને પેટ પકડી હસાવ્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં ગણેશ મહોત્સવની મનભરીને નગરજનો ઉજવણી કરી રહ્યા છે. રિદ્ધિ-સિદ્ધિના દાતા અને ગણાધિપતિ, વિઘ્નહર્તા, દુંદાળા એવા શુભકર્તા અને દુઃખ હરતા શ્રી હણેશજીની ભક્તિ વંદના દર વર્ષે સેક્ટર-૨-સી ના ગણેશ ચોક ખાતે થાય છે. સેક્ટરના યુવક મંડળ અને સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા તા. ૧૯મી સપ્ટેમ્બરથી ૨૬મી સપ્ટેમ્બર દરમિયાન વિઘ્નહર્તા ગણેશજીની પૂજાવંદના થશે. જે અંતર્ગત ૧૯મીએ ગોપી મહિલા મંડળ દ્વારા ભજનનો કાર્યક્રમ, ૨૦મીએ મેજીસીયન નિલેશકુમારનો કાર્યક્રમ અને ૨૧મીએ મા-બાપનો ડાયરો તથા ૨૨મીએ હાસ્ય દરબારનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હાસ્ય સમ્રાટ શાહબુદ્દીન રાઠોડે પ્રેક્ષકોને મન ભરીને હાસ્યરસ પીરસ્યો હતો.

યુવક મંડળ સંચાલિત શ્રી સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ છેલ્લા દસ વર્ષથી ધામધૂમપૂર્વક ગણેશ ઉત્સવ ઉજવે છે ત્યારે શનિવારની રાત્રીએ વરસાદનું વાતાવરણ હોવા છતાંય આયોજીત હાસ્ય સમ્રાટ શાહબુદીન રાઠોડ તથા અન્ય કલાકારોના હાસ્ય દરબારના કાર્યક્રમને નગરજનોએ મનભરીને માણ્યો હતો. માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં શાહબુદીન રાઠોડે લોકમાન્ય ટિળક દ્વારા શરૂ કરાયેલા ગણેશ ઉત્સવની માહિતી આપી અત્યંત હાસ્યની છોળો વચ્ચે શેર અને શાયરી સાથે લોકોને હસાવી-હસાવીને બેવડા વાળી દીધા હતા.

આ પ્રસંગે વોટર્સ ઈન્ડિયા પ્રાયવેટ લિમીટેડના રિજીઓન મેનેજર શ્રીમાન મોદી, ગાંધીનગર જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના અજીતસિંહ રાઠોડ, સમરતદાન ઝુલા જેવા મહાનુભાવોનું બુકે અને શ્રી ગણેશજીની તસવીર આપી સન્માન કરવામાં આવ્યું હતું. સેક્ટર-૨-સીના ગણેશ મહોત્સવ સમિતિના પ્રમુખ વિક્રમ દેસાઈ, ગૌરવ રાણવા, સ્નેહલ વાણીયા, ચિરાગ પ્રિયદર્શી, જયેશ રાવત અને સમિતિના તમામ સભ્યોએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આગામી તા. ૨૫મી સપ્ટેમ્બર-૨૦૧૨ સુધીના કાર્યક્રમોમાં હાજરી આપવા નગરજનોને વિનંતી કરી હતી. હાસ્ય કલાકારો પંકજ દવે અને ધવલ સોનીએ પણ ગણેશ ચોકમાં સુંદર હાસ્યના કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ પ્રસંગે શહેરના અગ્રણી નાગરિકો અને પત્રકારો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૯

સૂર્યાસ્ત : ૬.૩૮

## તાપમાન

મહત્તમ : ૩૪.૨ ડિ.સે. લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૬૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હિરોઈન : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
બર્ફી : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
હિરોઈન : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૪૫, ૭.૪૫, ૧૦.૪૫
: સ્ક્રીન-૪ :
બર્ફી : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦, ૧૦.૪૫
: સ્ક્રીન-૫ :
બર્ફી : ૧૧.૦૦, ૨.૦૦
હિરોઈન : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
હિરોઈન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૨ :
હિરોઈન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
બર્ફી : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
હિરોઈન : ૮.૧૫, ૮.૧૫
બર્ફી : ૧૧.૧૫, ૫.૧૫, ૮.૧૫
રાઝ-૩ ૨ડી : ૨.૧૫

### સૂર્યા, વાવોલ

હિરોઈન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હમસે ન ટકારાના : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હિરોઈન : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હિરોઈન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
બર્ફી : ૧૦.૪૫, ૭.૧૫, ૧૦.૧૫
રાઝ-૩ : ૨.૦૦, ૪.૩૦

### ચિરાગ, કલોલ

હિરોઈન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- કલ્ચરલ ફૉરમ ગાંધીનગર દ્વારા પ્રસ્તુત નાટક 'તુ લાજવાબ છે' રાત્રે ૯.૩૦ કલાકે

### ધાર્મિક

- ગણેશ મહોત્સવ નિમિતે ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવ ભુવનેશ્વર મંદિર, સેક્ટર-૬/ડી, ખાતે રાત્રે ૯.૦૦ કલાકે, જાદુ સમ્રાટ નિલેશનો જાદુનો કાર્યક્રમ.
- ગણેશ મહોત્સવ નિમિતે શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સેકટર -૨૨ના રંગમંચ ખાતે રાત્રે ૯.૦૦ કલાકે, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના ઉપક્રમે શ્રી થિયેટર પ્રસ્તુત ભક્તિરસમાં તરબોળ કરનાર દ્વિઅંકી નાટક.
- ગણેશ મહોત્સવ નિમિતે ગણેશ યુવક મંડળ દ્વારા શોપીંગ સેન્ટરની સામેના મેદાન સેકટર-૧૪, ખાતે સવારે ૯.૦૦ કલાકે વિસર્જન.

## આપની આજ

**મેષ** : વ્યવસાયિક પ્રતિસ્પર્ધામાં તમે વિજય મેળવી શકો છો. માલ-મિલકતના પ્રશ્નો ઉકેલાશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે.

**વૃષભ** : દિવસ મધ્યમ ફળદાયી રહેશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : સામાજિક સમ્માનની પ્રાપ્ત થશે. અવસર હિતકર થશે. આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે.

**કર્ક** : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે.

**સિંહ** : આમોદ- પ્રમાદના અવસર આવશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

**કન્યા** : આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. હમણાં સુધારામાં સમય લાગશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે.

**તુલા** : પારિવારિક વાતાવરણ અસંતાષકારક રહેશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધારા કરવું જરૂરી છે. વ્યાપાર અથવા આજીવિકામાં સમસ્યા આવી શકે છે. બીજાના કાર્યોમાં બીનજરૂરી હસ્તક્ષેપ ન કરો.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે.

**ધન** : મકાન સંબંધી સમસ્યાઓમાં સમાધાન થઈ શકે છે. ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે.

**મકર** : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો.

**કુંભ** : ભૌતિક સુખમાં વધારો થઈ શકે છે. સંપર્ક ક્ષેત્ર વિસ્તૃત કરો. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે. દેખાવ અને આડંબરોથી સ્વયંને દૂર રાખો. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે.

**મીન** : વ્યાપારક્ષેત્રમાં હાનિ ન થાય તેની તકેદારી રાખવી. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. માતા-પિતાના આરોગ્યની ચિંતા રહેશે. ધર્મ- કર્મમાં ખર્ચ થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. આત્મારામ ભેમાભાઈ પટેલ (ઉ.વ.૪૫) મુ.પો. દોલારાણા વાસણા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. લક્ષ્મીબેન ઉદાજી ઠાકોર (ઉ.વ.૬૫) મુ.પો. મહુદરા, તા., જિ. ગાંધીનગર.